# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડ, ગાંધીનગર

## એકમ કસોટી

---

ધોરણ : 12 (સામાન્ય પ્રવાહ) — કુલ ગુણ : 25

વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન (046) — સમય : 1 કલાક

---

I. આ એકમ કસોટીમાં કુલ 15 પ્રશ્નો છે.

II. એકમ કસોટીના જવાબો વિદ્યાર્થીઓએ પોતાની નોટબુકમાં લખવાના રહેશે.

### વિભાગ : A

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 01 થી 05 હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. આપેલા ચાર વિકલ્પ (A, B, C, D) પૈકી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** (05)

1 આયોજનને કોની સાથે સંબંધ છે ?

(A) ભૂતકાળ (B) વર્તમાન (C) ઉત્પાદન (D) ભવિષ્ય

2 આયોજનની પ્રક્રિયાનો અંતિમ તબક્કો જણાવો.

(A) યોજનાનું મૂલ્યાંકન (B) ચોક્કસ યોજના સ્વીકારવી

(C) યોજનાની ચકાસણી કરવી (D) વિકલ્પોની વિચારણા

3 નીચેનામાંથી ક્યા વ્યવસ્થાતંત્રમાં વિભાગ કરતાં કાર્યને વધુ મહત્ત્વ આપવામાં આવે છે ?

(A) રૈખિક (B) કાર્યાનુસાર (C) અવૈધિક (D) શ્રેણિક

4 પ્રોજેક્ટ માળખું અને સામાન્ય માળખાના સંયોજનથી રચાતા વ્યવસ્થાતંત્રને શું કહે છે ?

(A) શ્રેણિક વ્યવસ્થાતંત્ર (B) રૈખિક વ્યવસ્થાતંત્ર

(C) કાર્યાનુસાર વ્યવસ્થાતંત્ર (D) વૈધિક વ્યવસ્થાતંત્ર

5 ભરતી પછીનું બીજું કાર્ય કયુ છે ?

(A) બઢતી આપવી (B) પસંદગી કરવી (C) તાલીમ આપવી (D) બદલી કરવી

### વિભાગ : B

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 06 થી 10 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (દરેક પ્રશ્નનો 1 ગુણ છે.)** (05)

6. O.R. નું વિસ્તૃત રૂપ આપો.

7. અંદાજપત્રના પ્રકારો જણાવો.

8. વ્યવસ્થાતંત્ર એટલે શું ?

9. પસંદગીની પ્રક્રિયાનો પ્રથમ તબક્કો ક્યો છે ?

10. કર્મચારીઓની પસંદગી માટે લેવાતી કસોટીઓના નામ જણાવો.

## વિભાગ : C

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 12 સુધીના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. (દરેક પ્રશ્નનો 2 ગુણ છે.) (04)**

11. સત્તા સોંપણીના મૂળતત્ત્વોની માત્ર આકૃતિ દોરો.
12. ભરતી માટેના ગમે તે ચાર આંતરિક પ્રાપ્તી સ્થાનો જણાવો.

## વિભાગ : D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 13 થી 14 સુધીના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો. (દરેક પ્રશ્નનો 2 ગુણ છે.) (06)**

13. અવૈધિક વ્યવસ્થાતંત્રના ગમે તે છ લક્ષણો સંક્ષિપ્તમાં સમજાવો.
14. કર્મચારી વ્યવસ્થાનું મહત્ત્વ ગમે તે છ મુદ્દાઓમાં સંક્ષિપ્તમાં સમજાવો.

અથવા

14. તાલીમ અને વિકાસ વચ્ચે તફાવતના ગમે તે ત્રણ મુદ્દાઓ જણાવો.

## વિભાગ : E

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 15 નો વિસ્તારપૂર્વક જવાબ લખો. (05)**

15. આયોજનની લાક્ષણિકતાઓ સમજાવો.

અથવા

15. આયોજનના ઘટકો સમજાવો.